# ગુજરાતમાં કોંગ્રેસના વધુ સાત ઉમેદવારો જાહેર, હજી ૧૩ બાકી

## પાટણથી જગદીશ ઠાકોર, જૂનાગઢ પૂજા વંશ, રાજકોટથી કગથરા, પોરબંદર લલિત વસોયા ચૂંટણી મેદાનમાં રહેશે

ગાંધીનગર-

ગુજરાત કોંગ્રેસે લોકસભાની સાત બેઠકો માટે ઉમેદવારોના નામની જાહેરાત કરી છે. આ સાથે કોંગ્રેસે ૫૦ ટકા ઉમેદવારોના નામ જાહેર કર્યા છે.




હજી ૧૩ ઉમેદવારો પસંદ કરવામાં કોંગ્રેસને મુશ્કેલી પડી રહી છે. નેતાઓ અને કાર્યકરોના વિરોધ વચ્ચે કોંગ્રેસે તેના મુખ્ય કાર્યાલય રાજીવ ગાંધી ભવનને પોલીસ સુરક્ષાથી સજ્જ કર્યું છે. કાર્યાલયમાં તોડફોડ ન થાય તે માટે પોલીસ બોલાવવામાં આવી છે.

કોંગ્રેસે જાહેર કરેલા ઉમેદવારોમાં ચાર ધારાસભ્યોને ટીકીટ આપવામાં આવી છે. કોંગ્રેસની ચૂંટણી સમિતિએ જાહેર કરેલા ઉમેદવારોમાં બારડોલીમાંથી પૂર્વ કેન્દ્રીય મંત્રી તુષાર ચૌધરીને ટીકીટ આપવામાં આવી છે. વલસાડમાં જીતુ ચૌધરીને ટીકીટ મળી છે. જૂનાગઢમાં ધારાસભ્ય પૂંજા વંશને ટીકીટ આપવામાં આવી છે. પોરબંદરમાં ધારાસભ્ય લલીત વસોયાને ટીકીટ અપાઈ છે.

એ ઉપરાંત પંચમહાલની બેઠક પર કોંગ્રેસે વીકે ખાંટને, રાજકોટ બેઠક પર લલીત કગથરા અને પાટણ બેઠક પર પૂર્વ સાંસદ જગદીશ ઠાકોરને ટિકીટ આપવામાં આવી છે. પાર્ટીમાં ચાલી રહેલા વિરોધ વચ્ચે કોંગ્રેસ હજી પણ ૧૩ બેઠકોમાં તેના ઉમેદવારો જાહેર કરી શકી નથી.

ખાસ કરીને અમદવાદ પૂર્વ, ગાંધીનગર, જામનગર, બનાસકાંઠા અને સાબરકાંઠા જેવી મહત્વની બેઠકોને લઈ કોંગ્રેસમાં ભારે ખેંચતાણ અને કશ્મકશ પ્રવર્તી રહી છે, જેને લઈ કોંગી હાઈકમાન્ડ પણ બહુ વિચારીને નિર્ણય લેવામાં માને છે. એકબાજુ, હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર, મહાત્વાકાંક્ષી કેટલાક ધારાસભ્યો, પેરાશૂટ ઉમેદવાર, ભાજપની યાદીમાંથી સર્જાયેલા નવાં સમીકરણ વગેરે બાબતોથી પ્રદેશ હાઈકમાન્ડ વિચારાધીન બન્યું છે તો બીજીબાજુ, દિલ્હી હાઈકમાન્ડ સમક્ષ પ્રદેશ પ્રમુખ અને વિધાનસભાના વિપક્ષના નેતાની દોડધામ વધી છે તેમ છતાં જે પ્રકારે નક્કર પરિણામ આવવું જોઈએ તેવાં પાસાં ગોઠવાતાં નથી.

# શામજી ચૌહાણ ભાજપમાં જશે, પ્રભાતસિંહ ભાજપના ઉમેદવાર સામે લડશે

ગાંધીનગર-

લોકસભાની ચૂંટણી પહેલાં ભાજપ અને કોંગ્રેસમાં બળવાખોરો ઉભા થઈ રહ્યાં છે. જેમને ટિકીટ મળી નથી તેઓએ પાર્ટીના સત્તાવાર ઉમેદવારો સામે ચૂંટણી લડવાની ઘોષણા કરી છે. ભાજપના પંચમહાલના વિવાદાસ્પદ સાંસદ પ્રભાતસિંહ ચૌહાણને ટિકીટ આપવામાં નહીં આવતા તેમનો ગુસ્સો સાતમા આસમાને છે. બીજી તરફ કોંગ્રેસને તેમના કાર્યાલયની સુરક્ષા માટે પોલીસ બોલાવવી પડી છે.

ગુજરાતમાં ૨૬ બેઠકોના ઉમેદવારો પસંદ કરવામાં બન્ને પાર્ટીઓને કઠીનાઈઓનો સામનો કરવો પડી રહ્યો છે. પંચમહાલના સાંસદ પ્રભાતસિંહે કહ્યું છે કે હું ભાજપના ઉમેદવાર સામે લોકસભાની ચૂંટણી લડીશ અને તેને હરાવીશ. જો કે તેમણે એ નક્કી કર્યું નથી કે તેઓ કોઈ પાર્ટીની ટિકીટ મેળવીને ચૂંટણી લડશે કે અપક્ષ ઉમેદવારી કરશે. જો કે તેઓ અપક્ષ ઉમેદવારી કરે તેમ મનાય છે.

બીજી તરફ કોંગ્રેસના સિનિયર નેતા શામજી ચૌહાણ ભાજપમાં પાછા આવી રહ્યાં છે. તેઓ આજે તેમના કાર્યકર્તાઓને મળ્યા પછી મુખ્યમંત્રી વિજય રૂપાણીને મળવા ગયા હતા. શામજી ચૌહાણ ભાજપની સરકારમાં સંસદીય સચિવ હતા. પાર્ટી સાથે અણબનાવ થતાં તેમણે ભાજપ છોડ્યું હતું અને કોંગ્રેસમાં જોડાયા હતા. હવે તેઓ ફરીથી ભાજપમાં જોડાઈ રહ્યાં છે.

ભાજપના નારાજ નેતાઓ તેમના તેવર દેખાડી રહ્યાં છે ત્યારે કોંગ્રેસના નેતાઓ પણ ટિકીટ નહીં મળતાં પાર્ટીના હાઈકમાન્ડથી નારાજ છે. આ સંજોગોમાં બન્ને પાર્ટીમાં બળવાખોર ઉમેદવારો લોકસભા લડે તેવી સંભાવના છે. કોંગ્રેસે ગુજરાતમાં એનસીપી સાથે સમાધાન કર્યું નહીં હોવાથી એનસીપી ૨૬ બેઠકો પર તેના ઉમેદવારો ઉભા રાખવાની છે ત્યારે તે કોંગ્રેસને સીધું નુકશાન કરી શકે છે.

# જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ તંત્ર એક્શનમાં

## ૧૯.૨૦ લાખ મતદારો ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં : ૪ ફરિયાદો આચારસંહિતા ભંગની મળી : સી વીજીલ પર ૧૪ ફરિયાદો મળી : આચારસંહિતાના અમલ માટે ૮૩ ટીમો આજથી કાર્યરત થઈ ગઈ છે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં આજે એક પણ ઉમેદવારી પત્ર ભરાયુ નથી તેમ જિલ્લા કલેક્ટર વ ચૂંટણી અધિકારી એસ.કે. લાંગાએ આજે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ.

અત્યાર સુધીમાં ૪ આચારસંહિતા ભંગની ફરિયાદો મળી છે અને આ ફરિયાદોનો પંચની સૂચનાઓ અને નિયમોની મર્યાદામાં રહીને નિકાલ કરાયો છે. ચારેય કિસ્સામાં કોઈ આચારસંહિતાનો ભંગ થયાનું જણાયુ નથી.

તેમણે જણાવ્યુ હતુ કે બેઠક પર ૨,૫૫,૮૮૪ મતદારોનો સમાવેશ થાય છે.

આ બેઠક માટે ૧૯૭૨ મતદાન મથકો નિયત કરાયા છે. જેમાં ગાંધીનગર (ઉ) બેઠક માટે ૨૪૫, કલોલ માટે ૨૫૦, સાણંદ માટે ૨૯૩, ઘાટલોડિયા માટે ૩૭૨, વેજલપુર માટે ૩૩૫,




ચૂંટણી માટેની તૈયારીઓ સંપૂર્ણ થઈ ગઈ હોવાનો દાવો કરતાં તેમણે જણાવ્યુ હતુ કે તંત્ર પૂરી રીતે એક્શન મોડ પર છે. તેમણે કહ્યુ હતુ કે જિલ્લામાં આદર્શ આચારસંહિતાના અમલને લઈ ૮૩ જેટલી જુદી જુદી ટીમો આજથી કાર્યરત થઈ ગઈ છે.

તેમણે જણાવ્યુ હતુ કે ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં સંસદીય મતવિસ્તારમાં કુલ ૧૯ લાખ ૨૦ હજાર મતદારો નોંધાયેલા છે. જેમાં ગાંધીનગર (ઉ) બેઠક પર ૨,૩૮,૬૨૮, કલોલ બેઠક પર ૨,૩૦,૯૦૭, સાણંદ બેઠક પર ૨,૫૨,૩૮૩, ઘાટલોડિયા બેઠક પર ૩,૬૯,૫૬૬, વેજલપુરમાં ૩,૩૮,૧૭૦, નારણપુરા બેઠક પર ૨,૩૫,૨૬૯ અને સાબરમતી નારણપુરા માટે ૨૩૯ અને સાબરમતી માટે ૨૩૮ મથકો છે.

તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લામાં ચૂંટણી માટે ૬ હજારથી વધુ કર્મયોગીઓને કામગીરી પર લગાવવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લાની વિગતો પણ પત્રકારોને કલેક્ટરે આપી હતી. તેમણે કહ્યુ હતુ કે ચૂંટણી

● અનુસંધાન પાન-૭ પર

## પ્રથમ દિવસે ૩૨ ઉમેદવારોએ ફોર્મ ઉપાડ્યા : બે રાષ્ટ્રીય પક્ષોનો સમાવેશ

લોકસભાની ચૂંટણી પ્રક્રિયાના પ્રારંભની સાથે જ આજે પ્રથમ દિવસે આ જંગમાં ઝુકાવવા માટે ૩૨ જેટલા ઉમેદવારો ફોર્મ લઈ ગયા છે. ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં દરેક જંગ બહુકોણીય લડાયો છે અને આ વખતે પણ જંગ બહુકોણીય લડાશે તેવા સંકેતો જે રીતે ફોર્મ ગયા છે તે જોતાં લાગી રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે કોંગ્રેસ પક્ષ તેમજ બસપા ઉપરાંત નાના પ્રાદેશિક પક્ષો અને અપક્ષ ઉમેદવારો સહિતના લોકો આ ઉમેદવારી પત્ર લઈ ગયા છે. જોકે આજે પ્રથમ દિવસે કોઈજ ઉમેદવારી પત્ર ભરાયુ નથી. ઉમેદવાર દ્વારા રજુ થનાર સોગંદનામુ પણ ઈલેક્શન કમીશનની વેબસાઈટ પર તે જ દિવસે રાત સુધીમાં મુકી દેવાશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

## ખર્ચ નિરીક્ષકો આવી પહોંચ્યા છે તો જનરલ નિરીક્ષક ૨જી એપ્રિલે આવશે : લાંગા

ગાંધીનગર સંસદીય મતવિસ્તાર માટે નિમાયેલા બે ખર્ચ નીરીક્ષકો આજે ગાંધીનગર આવી પહોંચ્યા છે તેમ જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગાએ જણાવ્યુ હતુ. તેમણે જણાવ્યુ હતુ કે બન્ને અધિકારી આઈ.આર.એસ. કેડરના છે. રાજકુમાર ત્રણ વિધાનસભા મતવિસ્તારમાં ખર્ચ પર નજર રાખશે જેમાં ગાંધીનગર (ઉ), સાણંદ અને કલોલ બેઠકનો સમાવેશ થાય છે. જ્યારે પ્રશાંત શુકલાએ ઘાટલોડિયા, વેજલપુર, નારણપુરા અને સાબરમતી બેઠકોના ખર્ચ પર નજર રાખશે. જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યુ હતુ કે ચૂંટણીમાં આચારસંહિતાના અમલને લઈ હરેન્દ્રસિંહને નિરીક્ષક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે અને તેઓ ૨જીએ સવારે ગાંધીનગર આવી પહોંચશે. તેમણે જણાવ્યુ હતુ કે પંચે પહેલીવાર એક્સીબીલીટી ઓબ્ઝર્વરની પણ નિયુક્તી કરી છે. આ નિરીક્ષકો ગાંધીનગર ખાતે જ રહેશે.

# રેલવે અન્ડર પાસનુ કામ પુર્ણ થતા હજુ બે મહિના લાગશે

## રૂટમાં આવતા દબાણો અડચણરૂપ : અત્યાર સુધી પ્રોજેક્ટ પાછળ ૨૧ કરોડ ખર્ચાયા

ગાંધીનગર તા ૨૮

નગરના ક અને ખ માર્ગને જોડતા રેલવે અન્ડર બ્રિજનુ કામ હાલ ચાલી રહ્યુ છે. આ કામગીરી ગત વાઈબ્રન્ટ સમિટ પુર્વે પુર્ણ કરી દેવાનુ આયોજન કરાયુ હતુ. પરંતુ રેલવે ટ્રેક સંબંધિત કામગીરી તેમજ દબાણની સમસ્યાના લીધે અન્ડર બ્રિજનુ કામ હજુ પણ ચાલી રહ્યુ છે. ગુજરાતના સૌથી પહોળા રેલવે અન્ડર પાસનુ કામ હજુ પુર્ણ થતા બે મહીના જેટલો સમય લાગશે. આ પ્રોજેકટ અન્વયે અત્યાર સુધી રૂ ૨૧ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. બ્રિજની કામગીરીને અનુલક્ષી દિવાલનુ કામ પુર્ણ કરી દેવાયુ છે.

શહેરમાં ખ માર્ગ પર મહાત્મા મંદિર અસ્તિત્વમાં આવ્યા બાદ આ વિસ્તારનો સિનારીયો બદલાયો છે. મહાત્મા મંદિર આસપાસ સોલ્ટ માઉન્ટ તેમજ દાંડી કુટીર સહીતના આકર્ષણો ઉભા કરાયા છે. જયારે આ વિસ્તારમાં સ્થિત રેલવે સ્ટેશનને અનુલક્ષી ફાઈવ સ્ટાર હોટલના નિર્માણનુ કામ પણ પ્રગતિ હેઠળ છે. જયારે ક અને ખ માર્ગને જોડતા અન્ડર પાસની કામગીરી પણ ચાલી રહી છે. ગુજરાતમાં સૌથી પહોળો રેલવે અન્ડર પાસ બનાવવા માટે લાંબા સમયથી કામગીરી ચાલી રહી છે. ૨૦ મીટર પહોળા આ અન્ડર પાસનુ કામ પુર્ણ થતા હજુ બે મહીના જેટલો સમય લાગશે. આ બ્રિજ તૈયાર થઈ ગયા બાદ રેલવે સિગ્નલ પર ઉભા રહેવુ નહીં પડે જયારે ક માર્ગ પર થી વાવોલ જી આઈ ડી સી વિસ્તાર સાથે સીધુ જોડાણ મળશે. જયારે કલોલ તાલુકાના ગામો પણ સીધા ગાંધીનગર સાથે જોડાશે. આ બ્રિજની કામગીરી હાલ ચાલી રહી છે. જયારે આ કામગીરી આગામી બે મહીનામાં પુર્ણ કરી દેવાશે. પરંતુ રૂટમાં આવતા ૨૫ જેટલા ઝુંપડાઓ અડચણરૂપ થતા કામગીરીમાં ગતિ આવી શકતી નથી. અત્યાર સુધી આ પ્રોજેકટ અન્વયે રૂ ૨૧ કરોડનો ખર્ચ કરાયો છે. જયારે ટુંક સમયમાં જ ગુજરાતનો સૌથી પહોળો રેલવે અન્ડર પાસ તૈયાર થઈ જશે.

# મહાપર્વ ઉજવવા કચેરીઓએ રૂપરંગ બદલ્યા

## ઉમેદવારો માટે તેમજ વી.વી.આઈ.પી. મુલાકાતીઓ અને સમર્થકો માટે ખાસ વાતાનુકુલિત ચેમ્બરો બનાવાઈ

ગાંધીનગર, તા. ૨૮

લોકશાહીમાં ચૂંટણી એ મહા તહેવાર હોઈ તંત્ર દ્વારા પણ આ ગાંધીનગર સંસદીય મત વિસ્તાર પર રાષ્ટ્રીય નેતાઓ જંગમાં ઝુકાવતા હોવાથી તંત્રે પણ બાકીના ભાગમાં મિડિયા તેમજ તેમના કર્મચારીઓની બેસવા માટેની વ્યવસ્થા ઉભી કરાઈ છે. પ્રકારની ભીડભાડ થાય નહિ.

અધિક નિવાસી કલેક્ટરની કચેરી સાથે એક વી.વી.આઈ.પી.



મહાપર્વની ઉજવણી દબદબાભેર થાય તે માટે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ઘણા બધા ફેરફારો સાથે રૂપરંગ પણ કચેરીના બદલાઈ ગયા છે. તૈયારીઓમાં કચાશ રાખી નથી.

જિલ્લા કલેક્ટર વ જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરીમાં માત્ર ૧૦ની જ બેઠક વ્યવસ્થા રાખી

આ ઉપરાંત કલેક્ટર ઓફિસની બાજુમાં ઉમેદવાર માટે વાતાનુકુલિત પ્રતીક્ષારૂમ તૈયાર કરવામાં આવ્યો છે જેથી કોઈ પણ પ્રતીક્ષા ખંડ પણ ઉભો કરવામાં આવ્યો છે. જે પણ વાતાનુકૂલિત છે. આ ઉપરાંત મિડીયા માટે પણ ઉપરના માળે એક રૂમ તૈયાર કરવામાં આવ્યો છે.

ચૂંટણી અધિકારીની કચેરીએ જવા માટે પણ ખાસ પોલ્સ મુકી રેડ રિબન લગાવવામાં આવી છે.

નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની કચેરી માટે ખાસ ફૂલછોડ મુકવામાં આવ્યા છે. આ ઉપરાંત ગાંધીનગર (ઉ)ના ચૂંટણી અધિકારી જે આ ચૂંટણીમાં મદદનીશ ચૂંટણી અધિકારી છે તે પ્રાંત કચેરી પણ સુસજ્જ કરવા સાથે બહાર ખાસ બોર્ડ પણ મુકવામાં આવ્યા છે.

આ ઉપરાંત માણસા બેઠકના ચૂંટણી અધિકારી જમીન સુધારણાના નાયબ કલેક્ટર

● અનુસંધાન પાન-૭ પર

# અમિત શાહના રોડ-શોમાં નેતાઓનો જમાવડો

## રોડ-શોમાં રાજનાથ સિંહ, નિતીન ગડકરી, ઉદ્ધવ ઠાકરે, પ્રકાશસિંહ બાદલ સહિતના સર્વોચ્ચ નેતાઓ જોડાશે : ગુજરાતના બધા જ ભાજપના ઉમેદવારો પણ હાજર રહેશે : ૫૦ હજારથી વધુ કાર્યકરો જોડાવાનો દાવો : ભાજપ પ્રમુખ અમિત શાહ આજે ગુજરાત આવી પહોંચશે : ચાર કિલોમિટરના રોડ શોનું નિરીક્ષણ પહેલાથી જ કરવામાં આવ્યું : અમિત શાહના આગમનને લઇને ભાજપ કાર્યકરોમાં ઉત્સાહ

ગાંધીનગર, તા. ૨૮

ભાજપ પ્રમુખ અમિત શાહ આવતીકાલે ગુજરાત પહોંચી રહ્યા છે. ગુજરાત પહોંચ્યા બાદ ૩૦મીના દિવસે ગાંધીનગર લોકસભા બેઠક પર ઉમેદવાર તરીકે નામાંકનપત્ર દાખલ કરશે. અમિત શાહના રોડ શોમાં કેન્દ્રીયમંત્રીઓ પણ ઉપસ્થિત રહેશે. ૩૦થી વધુ નેતાઓ ઉપસ્થિત રહે તેમ માનવામાં આવે છે. ૩૦મી માર્ચના રોજ ગાંધીનગર લોકસભા બેઠક પર ઉમેદવાર તરીકે રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ નામાંકનપત્ર દાખલ કરવાના હોઈ તેના સંદર્ભમાં નારણપુરા ખાતેના શાના જુના નિવાસસ્થાનેથી શરૂ થનાર આશરે ચાર કિલોમીટરના ભવ્ય રોડ શો રુટના નિરીક્ષણ માટે આજરોજ રાષ્ટ્રીય મહામંત્રી અનિલભાઈ જૈન દ્વારા સમગ્ર રુટનું નિરિક્ષણ કરાયું હતું. ડો. અનિલ જૈન સાથે ભાજપ પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણિયા, ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા, મહામંત્રી કેસી પટેલ, લોકસભાના ઈન્ચાર્જ હર્ષદ પટેલ, મહાનગર અધ્યક્ષ જગદીશ પંચાલ, અમદાવાદ જિલ્લા ભાજપ અધ્યક્ષ આરસી પટેલ તથા કર્ણાવતી મહાનગર અને ગાંધીનગર લોકસભાની વ્યવસ્થા ટમ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા.

અનિલ જૈને ઈલેક્ટ્રોનિક મિડિયાને સંબોધતા જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના ભવ્ય અને ઐતિહાસિક રોડ શોમાં કેન્દ્રીય નેતૃત્વ અને મંત્રી નીતિન ગડકરી, ગૃહમંત્રી રાજનાથસિંહ, શિવસેનાના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરે તથા પંજાબના પૂર્વ મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલ સહિતના મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહેશે. જૈને વધુમાં જણાવ્યું હતું કે, સરદાર પટેલ સ્મારકથી સરદાર પટેલ ચોક સુધીની આશરે ચાર કિલોમીટર સુધીની આ પદયાત્રા સમગ્ર ગુજરાતમાં સરદાર અને ગાંધીજીના મહત્વને પ્રતિપાદિત કરે છે. આગામી ૩૦મી માર્ચના રોજ સવારે ૯ વાગે સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ કરી રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ નામાંકનપત્ર દાખલ કરવા માટે ભવ્ય રોડશોની શરૂઆત કરશે. વિશાળ સંખઅયામાં કાર્યકરો, ધર્મગુરુઓ, સામાજિક સંસ્થાઓના આગોનો અને સમાજના પ્રતિષ્ઠિત આગેવાનોની હાજરીમાં ઢોલ-નગારા શરણાઈ સાથે શંખનાદના પવિત્ર વાતાવરણમાં હર્ષ અને ઉલ્લાસ સાથે આ રોડ આગળ વધશે.

GANDHINAGAR ELECTRONICS ZONE INDUSTRIES ASSOCIATION

B-23/2/1&2, GIDC, ELECTRONICS ESTATE, SECTOR-25, GANDHINAGAR-382 024 GUJARAT, INDIA. PH : (079) 23287130, 23287230
E-mail : geziaonline@gmail.com, Website : geziaonline.org

Regd. under section "25" of companies Act, 1956 (No.-1-1956) Dt.28-01-2008.
Corporate Identity No. U91100GJ2008NPL052751

### ટેન્ડર નોટિસ

(જાહેર નિવીદા નંબર - ગેઝીયા/૦૦૧/૨૦૧૯-૨૦) તા.૨૯-૩-૨૦૧૯

ગાંધીનગર ઈલેક્ટોનિક્સ ઝોન ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશન (ગેઝીયા) એ કંપની એક્ટ- ૧૯૫૬, સેક્શન ૨૫ અંતર્ગત જોડાયેલ એસોસીએશન છે. ગાંધીનગર જીઆઈડીસી ઈલેક્ટોનિક્સ એસ્ટેટમાં આવેલ

૧) સ્ટ્રીટ લાઈટ પોલ અને તેની તમામ સ્વીચો/એસ.પી./રીપેરીંગ/મરામતનો વાર્ષિક મેઈન્ટેનન્સનો કોન્ટ્રાક્ટ આપવા
૨) ડ્રેનેજ ચેમ્બર્સ અને લાઈનની સફાઈકામ/રીપેરીંગ/મરામતનો વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવા
૩) વોટર સપ્લાય બોરવેલ ઓપ્રેટીંગ અને લાઈન રીપેરીંગ/મરામતનો વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવા સદર બાબતે રસ ધરાવતી અને એજન્સીઓ પાસેથી ભાવપત્રકોની સીલબંધ ઓફર મંગાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| 1. | ગેઝીયા કચેરીએથી ટેન્ડર મેળવવની તારીખ અને સમય (રવિવાર સિવાય) | ૩૦/૩/૨૦૧૯ થી ૦૮/૦૪/૨૦૧૯ સમય ૧૦.૦૦ થી ૫.૦૦ |
| 2. | ગેઝીયા કચેરી ખાતે ટેન્ડર જમા કરાવવાની છેલ્લી તારીખ અને સમય | ૦૮/૦૪/૨૦૧૯ સમય ૫.૦૦ P.M. |
| 3. | ગેઝિયા કચેરી ખાતે ટેન્ડર ખોલવાની તારીખ અને સમય ટેન્ડરમાં ભાગ લેનાર પાર્ટીએ હાજર રહેવું. | ૧૧/૦૪/૨૦૧૯ સમય :૪.૦૦ P.M. |
| 3. | ટેન્ડર ફી GST સાથે | ૧૧૮૦/- |
| 4. | E.M.D. (ટેન્ડર સાથે રાષ્ટ્રીયકૃત બેન્કનોજ D.D જોડાવો) | ૧૦,૦૦૦/-રૂ. નો ડી.ડી. |

નોંધ: ટેન્ડર ફોર્મ ફી નોન - રીફંડેબલ છે.

ગાંધીનગર ઈલે.ઝોન. ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, વતી.
સેક્રેટરીશ્રી

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફ્લેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

જોઈએ છે
ઘરકામ કરવા માટે છોકરી (બહેન)ની જરૂર છે.
પ્લોટ નં. ૩૦૧/૧, સે.-૧/સી, ગાંધીનગર.
મો. ૯૮૨૪૦ ૭૭૨૪૦

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com